॥ कृपालये स भगवान् जयतीह साक्षात् ॥



# પંચામૃત

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - કંડારી

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# પંચામૃત

-: પ્રેરણા :-

પ.પૂ. સદ્‌ગુરુ શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

-: સંપાદન :-

શા. સંતવલ્લભદાસ

-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ

ભક્તિનગર - કંડારી


**ગ્રંથ :-** પંચામૃત

**સંપાદન :-** શા. સંતવલ્લભદાસ

**પ્રેરણા :-** પ.પૂ. સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

**પ્રકાશન :-** પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કો.શ્રી નંદકિશોરદાસજી સ્વામી ''સ્મૃતિ મહોત્સવ-૨૦૧૨''

**આવૃત્તિ :** પ્રથમ

**પ્રત :-** ૧૦,૦૦૦/-

**કિંમત :-** રૂા. ૫/-

**પ્રાપ્તિસ્થાન :-**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ- કંડારી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-વડોદરા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ- નાવલી

શ્રી સ્વામિનારાયણ-મંદિર - લોયાધામ

શ્રી સ્વામિનારાયણ-મંદિર લોયાધામ-ન્યૂજર્સી

શ્રી સ્વામિનારાયણ-મંદિર લોયાધામ-મેકન

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ.
મો. ૯૮૭૯૬૦૬૬૮૬.




**પ.પૂ. ગુરૂવર્ય સદ્‌ગુરૂ શાસ્ત્રી**

**શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના**

## શુભાશિષ

અક્ષરાધિપતિ ભગવાન શ્રીહરિએ 'માયાના ગર્ભમાં લીન રહેલા જીવ મને પ્રાપ્ત કરે' એવા સંકલ્પથી આ સૃષ્ટિની રચના કરી છે. સૃષ્ટિની રચના માયના બંધનથી મુક્ત થઈને મૂર્તિના સુખ સુધી પહોંચવા માટે થઈ છે. પોતાના ચિત્ર વિચિત્ર સ્વભાવ-પ્રકૃતિના પ્રતાપે જીવ માયાપાશમાં વધુ બંધાતો જાય છે. પરમાત્માથી દૂર થતો જાય છે, પરિણામે આધિ-વ્યાધિ અને ઉપાધિ; આ ત્રિવિધ તાપોથી પીડાય છે. આશાપાસથી બંધાયેલો હોવાથી સુખી થવાની લાલચથી દુઃખી થાય છે.

આ સૃષ્ટિના ચક્કરમાં ફસાયેલો જીવાત્મા પરમાત્માથી દૂર જરૂર થયો છે પરંતુ જ્યારે જ્યારે અસહ્ય દુઃખ પામ્યો છે ત્યારે ત્યારે તે દુઃખ નિવૃત્તિ માટે પરમાત્માનું શરણ શોધે છે અને જે જે જીવે જ્યારે જ્યારે પરમાત્માને પોકાર્યા છે ત્યારે ત્યારે પરમાત્મા તેના રક્ષક બન્યા છે. અહિ પંચામૃતમાં આપેલા પાંચ અમોઘ ઉપાયો ત્રિવિધ તાપને દૂર કરનાર અને ઈચ્છિત સુખને આપનારા છે. આ પાંચેય નંદ સંતોની કૃતિઓ છે. સંતોએ આપણા માટે જ આ પદ-પ્રકરણો રચ્યા છે જે કોઈ આર્ત, વરતાલ વિહારી શ્રીહરિની સ્મૃતિ સાથે આ પંચામૃતનું પઠન-શ્રવણ-મનન કરશે, કૃપાળુ દેવાધિદેવ દીનજનોના દુઃખ માત્ર દૂર કરશે અને ઈચ્છિત સુખ આપશે. અને જો કોઈ ભક્તજન શ્રદ્ધા અને વિશ્વાસ સહિત શ્રીહરિ સ્મૃતિ સાથે નિત્ય પાઠ કરશે તો તે મૂર્તિના મહાસુખને પામશે - એજ

લિ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસના શુભાશિષ સહ

જયશ્રી સ્વામિનારાયણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પાંચસો પરમહંસો સહિત આ બ્રહ્માંડમાં પધાર્યા. અસંખ્ય આત્માઓના આત્યંતિક કલ્યાણના દ્વાર ઉઘાડ્યા. ''બંધ કીધા બીજા બારણા રે, વહેતી કીધી અક્ષરવાટ, પુરુષોત્તમ પ્રગટી રે''. નંદ સંતોએ ઈષ્ટદેવના અવતારી કાર્યોની નોંધ લઈ લઈને આપણને વારંવાર તે સ્વરૂપના મહિમામાં મસ્ત થવાની પ્રેરણા આપી છે.

આપણે નંદ સંતોના ઉપદેશામૃતનો આદર કરીએ છીએ છતા જન્મજન્માતંરના પાપકર્મ પ્રવાહના પ્રભાવે



માયિક પંચવિષયની તમન્નાઓને તોડી શકતા નથી. સુખના શાશ્વતશ્રોતસમા શ્રી હરિકૃષ્ણ મહારાજમાં મનને જોડી શકતા નથી. જે મૂર્તિમાં એક સાથે પંચવિષયનું સુખ રહ્યું છે એવી મહાસુખમય મૂર્તિને છોડીને દોડીએ છીએ. એ વિષય સુખની દોડમાં જ્યાં ત્યાં અથડાઈને દુઃખી થઈએ છીએ પુનઃ ભગવાનની મૂર્તિને યાદ કરીએ છીએ, પરંતુ જ્યાં સુધી આવ્યા દુઃખનું નિરાકરણ ન થાય ત્યાં સુધી મન મૂર્તિના સુખને ભોગવી શકતું નથી.

આપણા નંદ સંતોએ સર્વદુઃખમાત્રને સમૂળ નાશ કરે એવી કેટલીક ચમત્કારિક રચનાઓ કરી છે. ગુરુવર્ય પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી વરસોથી આર્ત ભક્તોને આ રચનાઓ દ્વારા દુઃખમુક્ત કરી રહ્યા છે.



''વંદુના આઠ પદ'', ''ઓરડાના ચાર પદ'', ''ઓરા આવો શ્યામ સ્નેહીના આઠ પદ'', ''મુક્તાનંદ સ્વામીનો પત્ર'' અને ''સંતવંદના'' આ પાંચ અમૃતનો રસથાળ તેમની જ પ્રેરણાથી તૈયાર કરીને દાદા ગુરુ પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કો. સ્વામી શ્રી નંદકિશોરદાસજી સ્વામીની ૩૦મી પુણ્યતિથી પ્રસંગે આયોજિત સદ્‌ગુરુ સ્મૃતિ મહોત્સવ-૨૦૧૨ પ્રસંગે પ્રકાશીત કરી રહ્યા છીએ.

આ પંચામૃતનો રસથાળ આપના સુધી પહોંચાડવામાં સૌજન્યરૂપ બન્યા છે, પૂજ્યપાદ ગુરુજીના કૃપાપાત્ર સેવક અ.નિ. બાવાભાઈ ભુરાભાઈ



ઉમરેઠીયાની પુણ્ય સ્મૃતિમાં સુપુત્ર : ભવાનભાઈ અને પુનાભાઈ તથા પૌત્ર : ધર્મેશ, રાકેશ, સંજય, પંકજ તથા પરિવાર - નવસારી

અંતમાં આ પંચામૃતના સંકલનમાં સ્વામી શ્રી પ્રીતમવલ્લભદાસજી તથા વિદ્યાર્થી નયન માયાણી સહયોગી બન્યા છે. તેઓ તથા આ પંચામૃતના પાઠ કરનારા આસ્થાવાન ભક્તો શ્રી હરિકૃષ્ણ મહારાજની કૃપા પ્રાપ્ત કરે એજ અભ્યર્થના સહ...

સત્સંગ સેવક

શા. સંતવલ્લભદાસ

ના સસ્નેહ જયશ્રી સ્વામિનારાયણ

## રાગ-ગરબી પદ-૧

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ,
સમરું પ્રગટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ,
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ,
વર્ણવુ સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ.

## પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ;
મન મારૂં મોહ્યું મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલા ખોસું છેલ, ખાંતીલા જાઉ ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ,
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યા રે લોલ.
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.



## પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ.
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ.
વહાલા તારા  દંત દાડમ ના બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ.
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ,
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મનમારૂં પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.

## પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ, રુડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારૂં રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.



## પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ.

## પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.
વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.



## પદ-૭

વહાલા તારૂં રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ.
વહાલા તારી નાભી નૌતમરૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ,
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડીને પાની, કે કોઈને નવ કહું રે લોલ,
વહાલા તારા ચરણકમળનુ ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ.

## પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિકોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.
વહાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ,
વહાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ.
વહાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ.

### ઓરડા (રાગ : ગરબી) પદ-૧

આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ. ૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ,
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર,
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીયો કરી પ્યાર,
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર,
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેટો જોયા લાગ,
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેના ભાગ્ય. ૭



મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય,
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ. ૯

### પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવુ તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખિયા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતાં કમળ નયનની કોર. ૫



હસતા હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ. ૬
અદ્ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઉગિયા અગણિત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

### પદ-૩

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪



તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરૂં રે, સહુનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

### પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોય મારે પાસ,
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩

મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જુઠાં જાણી કુટુંબ પરિવાર. ૪
સહુ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ. ૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધી રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનના કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯





**રાગ : ગરબી પદ-૧**

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વહાલા. ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌત્તમ મારા, ઉરમાં ઉતારૂં વહાલા. ૨
અરુણકમળ સમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા. ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વહાલા. ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા. ૬
અષ્ટકોણ ને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા;
વજ અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા. ૭



ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વહાલા. ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વહાલા. ૯
એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌત્તમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારૂં વહાલા. ૧૦

**પદ ૨**

ચરણકમળની છબી ચિતવતાં, અલૌકિક વહાલા;
સરવે ચિહ્ન સંભારી ધારૂં, અંત સમે મુડી વહાલા. ૧
જમણા પગના અંગુઠા પાસેની આંગળિયે વહાલા;
ડાબે પડખે તિલ એક સુંદર, નિરખી દુઃખ દળીએ વહાલા. ૨
જમણા પગની નૌતમ છેલી, આંગળીની બારે વહાલા;
તીલ એક નખને પાસે જોતાં, વાલપ વધારે વહાલા. ૩
ડાબા પગની ઉર્ધ્વરેખાની, ડાબી તે કોરે વહાલા;
બે ચિહ્ન પાસે પાસે શ્યામ, ચિતડાને ચોરે વહાલા. ૪
બે પગની આંગળિયો તળાં, મનોહર રાતાં વહાલા;
અંગુઠા આંગળિના નખ, રાતા ચડિયાતા વહાલા. ૫



બે ચરણના અંગુઠાને, આંગળિયો ઉપર વહાલા;
જોયા જેવા ઝીણા ઝીણા, રોમ અતિ સુંદર વહાલા. ૬
બે અંગુઠા પાસેની બે, આંગળિયે જોઉં વહાલા;
ચાંખડીયોનાં રૂડા ચિહ્ન, તે પાંપણીયે લ્હોઉં વહાલા. ૭
બે પગની બહારલી ઘુંટી, તે હેઠે કેવા વહાલા;
આસનના ઘસારાનાં ચિહ્ન, જોવા તે જેવાં વહાલા. ૮
જમણા પગની ઘુંટી ઉપર, પાંચ તસું છે જો વહાલા;
નળીને ઉપર તીલ એક તેમાં, મન મારું રહેજો વહાલા. ૯
મોટું એક ચિહ્ન જમણા પગની, સાથળને બા'રે વહાલા;
પ્રેમાનંદ કહે પ્રીતે નિરખું, વારે ને વારે વહાલા. ૧૦

**પદ-૩**

શોભા નિરખી નેણાં મારાં, ત્રપત ન થાયે વહાલા;
મનડું મગન થયું છે હેડે, હરખ ન માયે વહાલા. ૧
ડાબા પગની ઘુંટી ઉપર, પાંચ તસુ કહીએ વહાલા;
નળી ઉપર મોટો તીલ, મનમાં ધારી લઈએ વહાલા. ૨
તેને પાસે નાનો તીલ છે, તેમાં ચિત્ત ચોટ્યું વહાલા;
એ પગના ઘુંટણની બા'રે, એક ચિહ્ન છે મોટું વહાલા. ૩

શ્યામકટિ રૂપાળી જોઈને, કંદર્પ લાજે વહાલા;
શિતળ ઉદરમાંહી  ત્રિવળી, સુંદર વિરાજે વહાલા. ૪
ઉંડી ગોળ અનુપમ નાભી, તેની બે કોરે વહાલા;
બે તીલ છે બહુ રૂપાળા, તે ગમીયા મન મોરે વહાલા. ૫
નાભીથી પણ બે તસુ ઉપર, ત્રણ તીલને ધારૂં વહાલા;
બે તીલ ઉપર એક એક છે,  એક વચ્ચે સંભારૂં વહાલા. ૬
વચલા તીલથી બે તસુ ઉંચો, એક તીલ નીરખીને વહાલા;
જમણી કુખમાં બે તીલ મોટા, જોઉં હરખીને વહાલા. ૭
ડાબે પડખે કુખથી  ઉપર, મોટા તિલ ચારે વહાલા;
તેની પાસે બીજા નાના, ચાર તીલ એક હારે વહાલા. ૮
રોમતણું રૂપાળું શ્રીવત્સ, ચિહ્ન એક ઉરમાંહી વહાલા;
વિનગુણ હાર હૈયામાં શોભે, સુંદર સુખદાયી વહાલા. ૯
છાતી વચ્ચે એક ચિહ્ન, અર્ધ ચંદ્ર આકારે વહાલા;
પાંચ તસુ પ્હોળું જોઈ, પ્રેમાનંદ પ્રાણ વારે વહાલા. ૧૦



### પદ-૪

એ ચિહ્ન  વચ્ચે રૂડો લગાર, ડાબી તે કોરે વહાલા;
સુંદર એક તીલ મોટો, મારા ચિતડાને ચોરે વહાલા. ૧
એ તીલથી છે ડાબી કોરે, બે તસુ છેટે વહાલા;
એક તિલને જોતાં સરવે, ભવદુઃખને મેટે વહાલા. ૨
બે તીલથી બે તસુ છેટે, ડાબી કોર માંહી વહાલા.
સ્તન ઉપર એક તીલ તેમાં, ચિત્ત ચોટ્યું જોઈ વહાલા. ૩
બે સ્તનથી ઉપર છે, બે છાપતણાં ચિહ્ન વહાલા;
એ છબી જોવા સારૂં મારૂં, મન છે આધીન વહાલા. ૪
કરિના બે કર સરખી ભુજા, તે દીર્ઘ ઉદાર વહાલા;
સંભારતાં તરત તે, ઉતારે ભવપાર વહાલા. ૫
જમણી ભુજાને પાસે છે, માંહે ઉભી તે હારે વહાલા;
જોયા જેવા સુંદર મોટા, તીલ રૂડા ચારે વહાલા. ૬
જમણી ભુજાના મૂળથકી છે, ત્રણ તસુ હેંઠે વહાલા;
એક છાપનું ચિહ્ન જોતાં, જનમ મરણ મેટે વહાલા. ૭



તે છાપનું ચિહ્ન રૂડું, તેને પડખે બા'રે વહાલા;
નાના તીલ છે ચાર તેને, જોઉં વારે વારે વહાલા. ૮
કુણિયો છે શ્યામ બેઉ કર, કઠણ છે પુંચા વહાલા;
બે તીલ છે બહુ રુડા, જમણા પુંચાથી ઉંચા વહાલા. ૯
જમણા હાથની છેલ્લી આંગળી, તે ઉપર સારો વહાલા;
પ્રેમાનંદ કહે મોટો તીલ એક, લાગે અતિ પ્યારો વહાલા. ૧૦

### પદ-૫

રૂપાળા છો રાજીવલોચન, ધર્મતણા કુમાર વહાલા;
શોભાની છો સીમા મારા, નેણતણાં શણગાર વહાલા. ૧
ડાબી ભુજાના મુળથી હેઠે, ત્રણ તસું છે જો વહાલા;
છાપતણા એક ચિહ્નમાંઈ, નિત્ય મન મારૂં રહેજો વહાલા. ૨
ડાબી કુણીથી હેઠો નૌતમ, ઉપરલે ભાગે વહાલા;
તીલ એક જોતાં મારા મનને, રુડો બહુ લાગે વહાલા. ૩
ડાબા હાથના અંગુઠા પાસેની, આંગળિયે વહાલા;
નખને પાસે નાનો તીલ, મનમાં ધારી લીયે વહાલા. ૪
એ આંગળી ને વચલી આંગળી, એ બેઉને મધ્યે વહાલા;
એક તીલ છે અતિ નૌતમ, જોયા જેવો સંઘે વહાલા. ૫



ડાબા હાથના પોંચા ઉપર, સુંદર એક તીલ છે વહાલા;
એ માંહી તે મનડું મારૂ, વળગું વિશેકે વહાલા. ૬
બે હાથના નખ નૌતમ છે, રાતા ચડિયાતા વહાલા;
અગ્ર ભાગે તિક્ષણ છે, અતિ રૂડા દેખાતા વહાલા. ૭
બે હાથની હથેલી છે, રાતી સુખધામ વહાલા;
હથેલીમાં રેખા થોડી, થોડી છે જો શ્યામ વહાલા. ૮
બે હથેલીના મૂળ ઉપર, આઠ તસુ જોતાં વહાલા;
છાપતણાં બે ચિહ્નો અનુપમ, ચિત્તમાં પરોતાં વહાલા. ૯
કંઠ વચ્ચે તીલ એક અનુપમ, જોતાં દુઃખ જાયે વહાલા;
તેની પાસે નાનો તીલ એક, પ્રેમાનંદ ગાયે વહાલા. ૧૦

### પદ-૬

રૂપ તમારૂં રસિયાજી, નિરખતાં સુખદાયી વહાલા;
ચિહ્નતણો નહિ પાર વધારે, વાલપ ઉરમાંહી વહાલા. ૧
ડાબા ખભાથી હેઠો, વાંસામાં છે મરમાળો વહાલા;
રોમ સહિત મોટો તીલ રૂડો, જોતાં રૂપાળો વહાલા. ૨
એ તીલથી હેંઠો વાંસામાં, એક તીલ છે બીજો વહાલા;
તેને હેઠે જોયા જેવો, એક તીલ છે ત્રીજો વહાલા. ૩

કરોડની જમણી કોરે, ડોક થકી હેઠે વહાલા;
સુંદર એક તીલ જોયા જેવો, બે તસુ છેટે વહાલા. ૪
જમણી ખરપડી ઉપર નૌતમ, એક તીલ છે નાનો વહાલા;
પ્રીત કરીને રાખું મારા, મનમાંહી છાનો વહાલા. ૫
કરોડની જમણી કોરે, વાંસામાં સારા વહાલા;
ચાર તીલ છે જોયા જેવા, લાગે બહુ પ્યારા વહાલા. ૬
દાઢીથી હેઠો એક તીલ છે, અતિશે અનૂપ વહલા;
દાઢી ઉપર કેશની રેખા, સુંદર સુખરુપ વહાલા. ૭
મધુર અધરપર શોભે રૂડી, રોમતણી રેખું વહાલા;
હસતું કમળ સરીખું મુખ, ઓરા આવો દેખું વહાલા. ૮
મુખમાંહે જમણી કોરની, હેઠલી જે દાઢ વહાલા;
તેમાં શ્યામ સુભગ ચિહ્ન એક, જોઉં રાખી ચાડ વહાલા. ૯
શ્યામ ચિહ્ન છે જોવા જેવું, જીભમાં સુખકારી વહાલા;
સુંદર વદન કમળપર જાયે, પ્રેમાનંદ વારી વહાલા. ૧૦



**પદ-૭**

હરિજનના જીવન છો મોહન, ભક્તચિન્તામણિ વહાલા;
શી કહું શોભા સુંદર વરજી, અંગોઅંગ તણી વહાલા. ૧
જમણી કોરે કપોળમાં, નાસીકા પાસે વહાલા;
એક મોટો તીલ જોતાં સરવે, દુઃખ મારાં નાશે વહાલા. ૨
એ તીલને પાસે એક નાનો, તીલ તેને જોઈએ વહાલા;
નેત્રતણા ખુણાથી હેઠો, તેમાં ચિત્ત પ્રોઈએ વહાલા. ૩
બે નેત્રની પાંપણ ઉપર, ભ્રકુટીને થડે વહાલા;
તેને હેઠે ઉપર ઝીણી, કરચલીયો પડે વહાલા. ૪
નાસીકા ઉપર છે ઝીણા, ચિહ્ન તે અભિરામ વહાલા;
ડાબા કાનમાં શ્યામ બિન્દુ તે, છબી તણું ધામ વહાલા. ૫
અમળ કમળદળ સમ આંખડી, રૂડી રૂપાળી વહાલા;
કંદર્પની કમાન સરખી, ભ્રકુટી મેં ભાળી વહાલા. ૬



ચડીયાતા વિશાળ ભાલમાં, રસાળી તે શોભે વહાલા;
તિલક આકારે ઉભી રેખા, બે જોઈ ચિત્ત લોભે વહાલા. ૭
ભાલમાંહી મનોહર જોતાં, જમણી તે કોરે વહાલા;
કેશથી હેઠું એક અનુપમ, ચિહ્ન તે ચિત્ત ચોરે વહાલા. ૮
કેશર કેરી આડ મનોહર, ભાલ વચ્ચે કીધી વહાલા;
કુમકુમને ચાંદલીયે મારી, બુદ્ધિ હરી લીધી વહાલા. ૯
તાળવા ઉપર એક રૂપાળો, મોટો તિલ જોઈ વહાલા;
પ્રેમાનંદ કહે મારૂં મન ત્યાં, રહ્યું જાઈ મોહી વહાલા. ૧૦.

**પદ-૮**

શોભાના શણગાર હરી મારો, હૈડાના છો હાર વહાલા;
ધર્મતણા કુમાર મારા, પ્રાણ તણા આધાર વહાલા. ૧
અતિશે રૂપાળા સુંદર, શિખાના છે કેશ વહાલા;
છબીપર બલહારી જાયે, શારદ ને શેષ વહાલા. ૨
શિખાને સમીપે રૂડો, એક તીલ છે આગે વહાલા;
એ છબી નિરખતાં મારાં, સરવે દુઃખ ભાગે વહાલા. ૩



શિખાને પછાવડે જમણી, કોરે તે કહીએ વહાલા;
ત્રણ તીલ છે અતિ રૂડા, સામું જોઈને રહીએ વહાલા. ૪
નખશિખ નિરખી સુંદર સરવે, ચિહ્ન મેં ગાયાં વહાલા;
ચિંતવન કરી નિત્યે મારા, ચિત્તમાં ઠેરાયાં વહાલા. ૫
બાવન છે સરવે ચિહ્ન, ત્રેસઠ તીલ છે જો વહાલા;
રૂપ શીલ ને ગુણે સોતા, અંતરમાં રહેજો વહાલા. ૬
એ વીના ઝીણા તીલ ચિહ્ન છે, અંગમાં અપારે વહાલા;
ગાયા મેં તો જોઈ મારી, બુદ્ધિને અનુસાર વહાલા. ૭
આવી રીતે મૂરતિને જે, અંતરમાં ધારે વહાલા;
પ્રીત કરીને ચિહ્ન અનુપમ, સરવે સંભારે વહાલા. ૮
તેના ઉરમાં આવી તમે, નાથ કરો વાસ વહાલા;
કામ ક્રોધ ને કાળ માયા, તે સહુ પામે નાશ વહાલા. ૯
એ પદ જે કોઈ શીખે સુણે, પ્રીત કરીને ગાશે વહાલા;
પ્રેમાનંદ કહે તે પર સ્વામી, બહુ રાજી થાશે વહાલા. ૧૦

## શ્રી મુક્તાનંદસ્વામીનો પત્ર



**પૂર્વછાયો** આણિ ઉદાસી અંતરે, એમ બોલ્યા વર્ણિરાટ ॥
તે સુણિ મુક્તાનંદજી, અતિ કરે છે ઉચ્ચાટ ॥૧॥
આવા ત્યાગી તપસ્વી, નિરમોહી વૈરાગ્યવાન ॥
નિસ્પૃહપણું જોઈ જાણે, રખે જાતા રહે નિદાન ॥૨॥
કાંઈક ઉપાય કરું, જેણે રહે વરણિઈન્દ ॥
પછી મીઠી વાણીએ, બોલ્યા તે મુક્તાનંદ ॥૩॥
વૈશાખ સુદીનો વાયદો, તે નહિ પડે ખોટો નાથ ।
તિયાં લગી તમે રહો, કહું કરગરી જોડી હાથ ॥૪॥
**ચોપાઈ** તમને કહીએ છીએ અમે એહ, તેતો જોઈને તમારું દેહ ॥
તપે કરી તન છે દૂબળું, નહિ પોંચાય શહેર છે વેગળું ॥૫॥



ખારા સમુદરની છે ખાડી, તે તો ભુજ જાતાં આવે આડી ॥
નથી સિધિ જાવા પગવાટ, અમે કહીએ છીએ તેહ માટ ॥૬॥
હમણા રહો જાળવીને પળ, હું મેલું છું લખીને કાગળ ॥
તેનો વળતો ઉત્તર આવે, કરવું સહુને જેમ સ્વામી કાવે ॥૭॥
તેની આજ્ઞા વિના ન જાવું, અમને તો જણાય છે આવું ॥
ત્યારે બોલ્યા હરિ તેહ પળ; સારુ લખો સ્વામીને કાગળ ॥૮॥
પછી મુક્તાનંદજી મહારાજ, બેઠા કાગળ લખવા કાજ ॥
સ્વસ્તિ શ્રી ભુજ નગરમાંઈ, સ્વામી રામાનંદ સુખદાઈ ॥૯॥
દીનબંધુ પતિત-પાવન, ભક્તજનને મન ભાવન ॥
પુણ્ય પવિત્ર પ્રૌઢ પ્રતાપ, શરણાગતના શમાવો તાપ ॥૧૦॥
કૃપાનિધિ કરુણાના ધામ, પતિત-પાવન પૂરણકામ ॥
દયાસિંધુ દિલના દયાળ, નિજજન તણા પ્રતિપાળ ॥૧૧॥
અનાથના નાથ અધમોદ્ધાર, તમને કરું છું નમસ્કાર ॥
કલ્યાણકારી જે અનેક ગુણ, તેણે કરી તમે છો પૂરણ ॥૧૨॥
સિદ્ધ સિદ્ધિયું સર્વે કહેવાય, તે તો સેવે છે તમારા પાય ॥
શુદ્ધ ભક્ત જે લાખું કરોડી, તે તમને નમે કર જોડી ॥૧૩॥



આપ ઈચ્છાએ મનુષ્યાકૃતિ, તમે ધરી પ્રભુ અમ વતિ ॥
એવા તમે જનસુખકારી, પ્રભુ વાંચજ્યો વિનતિ મારી ॥૧૪॥
અત્ર લોજથી લખ્યો કાગળ, તમ કૃપાએ સુખી સકળ ॥
તમારા સુખના સમાચાર, લખજ્યો મારા પ્રાણ આધાર ॥૧૫॥
બીજું લખવા કારણ જેહ, સ્વામી સાંભળજ્યો તમે તેહ ॥
કોશળ દેશથી આવ્યા છે મુનિ, કહું વાત હવે હું તેહુનિ ॥૧૬॥
દેહમાંહિ જેટલી છે નાડી, દેખાય છે તે સર્વે ઉઘાડી ॥
ત્યાગ વૈરાગ્ય તને છે અતિ, જાણું આપે તપની મૂરતિ ॥૧૭॥
નીલકંઠ નામે નિદાન છે, શિવ જેવા વૈરાગ્યવાન છે ॥
મેઘ જેવા સહુના સુખધામ, દેખિ દર્પ હરે કોટિ કામ ॥૧૮॥
વર્ણિવેષ દૃષ્ટિ અનિમેષ, બ્રહ્મસ્થિતિમાં રહે છે હંમેશ ॥
ઉદાર મતિ અચપળતા, પાસળે કાંઈ નથી રાખતા ॥૧૯॥
કિશોર અવસ્થાને ઊતરી, આવ્યા અત્ર તીરથમાં ફરી ॥
સુંદર મુખ ને માથા ઉપર, કેશ નાના ભૂરા છે સુંદર ॥૨૦॥
બોલે છે સ્પષ્ટ વાણી મુખ, નારી ગંધથી પામે છે દુઃખ ॥
માન મત્સર નથી ધારતા, પ્રભુ વિના નથી સંભારતા ॥૨૧॥



જીર્ણ વલકલ ને મૃગછાલા, હાથમાંહિ છે તુલસી માળા ॥
સરળ ક્રિયામાં સદા રહે છે, મુનિના ધર્મને શિખવે છે ॥૨૨॥
રાખે છે ગુરુભાવ અમમાં, વૃત્તિ લાગી રહી છે તમમાં ॥
રસ રહિત જમે છે અન્ન, તેહ પણ બીજે ત્રીજે દન ॥૨૩॥
ક્યારેક ફળ ફૂલ નિદાન, ક્યારેક કરે વારિ વાયુ પાન ॥
ક્યારેક અજાચ્યું અન્ન આવ્યું લિએ, ક્યારેક મળ્યું પણ મૂકી દીએ ॥૨૪॥
ક્યારેક મરચાં મીંઢિ આવળ્ય, જમે એજ એકલું કેવળ ॥
ખારું ખાટું તીખું તમતમું, રસ નિરસ બરોબર સમું ॥૨૫॥
ટંક ટાણાની ટેવ જ નથી, અતિ નિસ્પૃહ રહે છે દેહથી ॥
જેજે ક્રિયાઓ કરે છે એહ, તન ધારિએ ન થાય તેહ ॥૨૬॥
ગ્રીષ્મ પ્રાવૃટ ને શરદ ઋતુ, હેમંત શીત ને વળી વસંતુ ॥
છોયે ઋતુમાં વસવું વને, વહાલું લાગે છે પોતાને મને ॥૨૭॥
મેડી મોલ આવાસમાં રહેવું, તે જાણે છે કારાગૃહ જેવું ॥
ઉનાળે તો તાપે છે અગનિ, ચોમાસે સહે ધારા મેઘની ॥૨૮॥
શિયાળે બેસે છે જળમાંઈ, તેણે તન ગયું છે સુકાઈ ॥
કિયાં બાળપણાની રમત, કિયાં પામવો સિદ્ધોનો મત ॥૨૯॥

બાળપણે સિદ્ધદશા જોઈ, અમે સંશય કરું સહુ કોઈ ॥
એના તપના તેજને માંઈ, અમારું તપ ગયું ઢંકાઈ ॥૩૦॥
જેમ દિનકર આગળ્ય દિવો, એ પાસે ત્યાગ અમારો એવો ॥
એની વાત તો એ પ્રમાણે છે, સર્વે યોગકળાને જાણે છે ॥૩૧॥
તોય શિષ્ય થઈને રહ્યા છે, જેની અતિ અપાર ક્રિયા છે ॥
કેણે થાતો નથી નિરધાર, જાણું પામ્યા છે શાસ્ત્રનો પાર ॥૩૨॥
પૂછે છે પ્રશ્ન અલપ કાંઈ, તેમાં પંડિત રહે છે મુંઝાઈ ॥
સભામાંહિ વાદ પ્રતિવાદે, બોલે છે પોતે શાસ્ત્ર મર્યાદે ॥૩૩॥
ત્યારે પંડિતના તર્ક સર્વ, થાય બંધ ને ન રહે ગર્વ ॥
પૂછે પ્રશ્ન કોઈ પોતાપાસ, ત્યારે બહુ રીત્યે કરે સમાસ ॥૩૪॥
ત્યારે સંશય કરે એમ મન, આ શું આવ્યા પોતે ભગવન ॥
બેસું ધ્યાને જ્યાં જ્યાં મન જાય, તેને દેખે છે સાક્ષિને ન્યાય ॥૩૫॥
દુરિજન વચનનાં બાણ, સહેવા પોતે વજ્ર પ્રમાણ ॥
એવા ક્ષમાવંત મહામતિ, પરદુઃખે પીડાય છે અતિ ॥૩૬॥
કોમળતા કહી નથી જાતિ, ઉપમા પણ નથી દેવાતિ ॥
સર્ષપ ફુલ માખણ ને કંજ, જાણું પામ્યા કોમળતા રંજ ॥૩૭॥



સર્વે સાધુતા જે જે કહેવાય, તેતો રહિ છે જાણું એહ માંય ॥
તમ વિના એવા ગુણ બીજે, નથી સાંભળ્યા સાચું કહીજે ॥૩૮॥
એનાં ચરિત્ર જોઈને અમે, જાણું દૃઢતા જોવા આવ્યા તમે ॥
વળી તમારાં દર્શન કાજ, અતિ આતુર રહે છે મહારાજ ॥૩૯॥
તેને રોકીને રાખ્યા છે આંઈ, કહો તો આવે તમ પાસે ત્યાંઈ ॥
યાંનિ વાત મેં લખી જણાવી, રાજી હો તેમ મૂકજ્યો કહાવી ॥૪૦॥
લખ્યું છે મારી બુદ્ધિ પ્રમાણ, સર્વે જાણી લેજ્યો સુજાણ ॥
ઓછું અધિકું જે લખાણું હોય, કરજ્યો ક્ષમા અપરાધ સોય ॥૪૧॥
દયા કરીને વાંચજ્યો પત્ર, ઘટે તેમ લખાવજ્યો ઉત્ર ॥
તેની જોઈ રહ્યા છીએ વાટ, આવ્યે ઉત્તર ટળશે ઉચાટ ॥૪૨॥
વારેવારે વિનતિ મહારાજ, કરું છું હું આ વરણિ કાજ ॥
હશે તમને ગમતું તે થાશે, બીજા ડાહ્યાનું ડહાપણ જાશે ॥૪૩॥
થોડે લખ્યે બહુ માનજ્યો નાથ, રાખજ્યો દયા પ્રભુ મુજ માથ ॥
એવો પત્ર લખ્યો મુક્તાનંદે, વાંચ્યો સાંભળ્યો સહુ મુનિવૃંદે ॥૪૪॥
કહે મુનિ ધન્ય છો મહારાજ, અતિ રૂડો પત્ર લખ્યો આજ ॥
વાંચી આવશે વહેલા દયાળ, પ્રભુ લેશે આપણી સંભાળ ॥૪૫॥



પછી બોલ્યા એમ મુક્તાનંદ, સુણો નીલકંઠ મુનિ ઈન્દ ॥
લખ્યો સ્વામી પ્રત્યે પત્ર અમે, કાંઈક લખોને કહું છું તમે ॥૪૬॥
સુણી મુક્તાનંદનાં વચન, વિચાર્યું છે વરણીએ મન ॥
હું શું લખી જણાવું સ્વામીને, કહ્યું ન ઘટે અંતર્યામીને ॥૪૭॥
જાણે મનની વારતા તેને, સર્વે લોક હસ્તામળ જેને ॥
એથી અજાણ્યું નથી લગાર, જાણે સર્વે અંતરમાંહિ બાર ॥૪૮॥
એ આગે કરવી ચતુરાઈ, તે વિચારી લેવું મનમાંઈ ॥
અમારે તો નથી એવો ઘાટ, લખું તમે કહોછો તેહ માટ ॥૪૯॥
એમ કહીને બેઠા એકાંત્ય, લખવા કાગળ કરી છે ખાંત્ય ॥
કાજુ કાગળ લીધો છે કર, માંડી પાટી ગોઠણ ઉપર ॥૫૦॥
જમણા કરમાં કલમ લીધી, લખવા પત્રિકાની ઈચ્છા કીધી ॥
પ્રથમ કરી મને વિચાર, માંડ્યા લખવા શુભ સમાચાર ॥૫૧॥

*ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય*
*નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે મુક્તાનંદ*
*સ્વામીએ પત્ર લખ્યો એ નામે એકતાળીશમું પ્રકરણમ્ ॥૪૧॥*



**સંતવંદના**



**પૂર્વછાયો** સર્વે સંત સુજાણને, હું પ્રથમ લાગી પાય ॥
આદરું આ ગ્રંથને, જેમાં વિઘન કોઈ ન થાય ॥૧॥
સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ ॥
સંત કૃપાથી પામિએ, પૂરણ પુરુષોત્તમ ધામ ॥૨॥
સંત કૃપાએ સદ્‌મતિ જાગે, સંત કૃપાથી સદ્‌ગુણ ॥
સંત કૃપા વિના સાધુતા, કહોને પામ્યા કોણ ॥૩॥
સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવાન ॥
ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન ॥૪॥
જપ તપ તીર્થ વ્રત વળી, તેણે કર્યા યોગ યગન ॥
સર્વે કારજ સારિયું, જેણે સંત કર્યા પ્રસન્ન ॥૫॥

એવા સંત શિરોમણિ, ઘણિઘણિ શું કહું વાત ॥
તેવું નથી ત્રિલોકમાં, સંત સમ તુલ્ય સાક્ષાત ॥૬॥
કામદુઘા કલ્પતરુ, પારસ ચિંતામણિ ચાર ॥
સંત સમાન એ એકે નહિ, મેં મનમાં કર્યા વિચાર ॥૭॥
અલ્પ સુખ એમાં રહ્યું, મળિ ટળિ જાય છે એહ ॥
સંત સેવ્યે સુખ ઉપજે, રહે અખંડ અટળ તેહ ॥૮॥
**ચોપાઈ** એવા સંત સદા શુભમતિ, જક્ત દોષ નહિ જેમાં રતિ ॥
સૌને આપે હિત ઉપદેશ, એવા સંતને નામું હું શીષ ॥૯॥
સદ્‌ગુણના સિંધુ ગંભીર, સ્થિર મતિ અતિશય ધીર ॥
માન અભિમાન નહિ લેશ, એવા સંતને નામું હું શીષ ॥૧૦॥
અહંકાર નહિ અભેદ ચિત્ત, કામ ક્રોદ લોભ મોહ જિત ॥
ઈન્દ્રિય જિતી ભજે જગદીશ, એવા સંતને નામું હું શીષ ॥૧૧॥
નિર્ભય બ્રહ્મવિત પુનિત, ક્ષમાવાન ને સરળ ચિત્ત ॥
સમર્થ સત્યવાદી સરેશ, એવા સંતને નામું હું શીષ ॥૧૨॥
તેજે તપે યશે સંત પૂરા, જ્ઞાનવાન શુદ્ધ બોધે શૂરા ॥
શુભ શીલ સુખના દાનેશ, એવા સંતને નામું હું શીષ ॥૧૩॥



કરે પવિત્ર અન્ન જોઈ આહાર, સારી ગિરા સમભાવ અપાર ॥
નહિ અનર્થ ઈર્ષ્યા ક્લેશ, એવા સંતને નામું હું શીષ ॥૧૪॥
ભક્તિ વિનય દ્રઢ વિચાર, આપે બીજાને માન અપાર ॥
અતિ પવિત્ર રહે અહોનિશ, એવા સંતને નામું હું શીષ ॥૧૫॥
શમ દમાદિ સાધને સંપન, બોલે મળિને મન રંજન ॥
શ્રુતવાનમાં સૌથી સરેશ, એવા સંતને નામું હું શીષ ॥૧૬॥
આનંદિત આત્મા છે આપ, નિર્લેપ નિર્દોષ નિષ્પાપ ॥
અશઠ અસંગી ક્ષમાધીશ, એવા સંતને નામું હું શીષ ॥૧૭॥
સંશય હર્તા ને કલ્યાણ કર્તા, વળી વેદ પુરાણના વેત્તા ॥
કોમળ વાણી વાચાળ વિશેષ, એવા સંતને નામું હું શીષ ॥૧૮॥
સારી સુંદર કથા કહે છે, અલુબ્ધાદિ આત્મા રહે છે ॥
વળી પરદુઃખ હરે હંમેશ, એવા સંતને નામું હું શીષ ॥૧૯॥
કામ દ્રવ્ય ને માન છે જેહ, તેહ સારુ નથી ધાર્યો દેહ ॥
જ્ઞાન વૈરાગ્ય ઉરે અશેષ, એવા સંતને નામું હું શીષ ॥૨૦॥
સદા સ્મરણ ભજન કરે, વળી ધ્યાન મહારાજનું ધરે ॥
એવે ગુણે મોટા જે મુનીશ, એવા સંતને નામું હું શીષ ॥૨૧॥



સાવધાન લજ્જાવાન ખરા, લોક આચરણ ન જુવે જરા ॥
મોટી બુદ્ધિ શુદ્ધિ છે વિશેષ, એવા સંતને નામું હું શીષ ॥૨૨॥
કરે કારજ કળિમળ ધોય, લાભ અલાભે સ્થિર મતિ હોય ॥
ડાયા જાણે કાળ વળી દેશ, એવા સંતને નામું હું શીષ ॥૨૩॥
સુણી પારકા દોષને દાટે, તે જીવના રૂડા થવા માટે ॥
ઉરે અધર્મનો નહિ પ્રવેશ, એવા સંતને નામું હું શીષ ॥૨૪॥
અચપળતા અચિરકાળી, ધ્રાય નૈ ધ્યાને મૂરતિ ભાળી ॥
સદાગ્રહમાં રહે અહોનિશ, એવા સંતને નામું હું શીષ ॥૨૫॥
કૃપાળુ ને પરઉપકારી, જ્ઞાન દાનથી ન જાય હારી ॥
કેની નિંદા દ્રોહ નહિ લેશ, એવા સંતને નામું હું શીષ ॥૨૬॥
સગાં સૌના શીતળતા અપાર, નિર્વિકારી ને લઘુ આહાર ॥
શરણાગતના દાતા હંમેશ, એવા સંતને નામું હું શીષ ॥૨૭॥
દગો નહિ સંગ્રહ રહિતા, વિવેકી વિચાર ધર્મવંતા ॥
સદા પવિત્ર ને શુભવેષ, એવા સંતને નામું હું શીષ ॥૨૮॥
રાખ્યું બ્રહ્મચર્ય અષ્ટ અંગ, અતિ તજ્યો ત્રિયાનો પ્રસંગ ॥
પંચ વિષય શું રાખ્યો છે દ્વેષ, એવા સંતને નામું હું શીષ ॥૨૯॥



એવા સદ્‌ગુણના છે ભંડાર, સર્વે જનના સુખદાતાર ॥
અજ્ઞાન તમના છે દિનેશ, એવા સંતને નામું હું શીષ ॥૩૦॥
એવા સદ્‌ગુણે સંપન સંત, કરો કૃપા મું પર્ય અત્યંત ॥
ગાઉં મહારાજના ગુણ વળી, કરજ્યો સહાય તમે સૌ મળી ॥૩૧॥
વળી વંદુ હરિજન સહુને, આપજ્યો એવી આશિષ મુને ॥
હેત વાધે હરિ યશ કહેતાં, એવી સૌ રહેજ્યો આશિષ દેતાં ॥૩૨॥
અલ્પ બુદ્ધિયે આદર્યો ગ્રંથ, નથી પૂરો કરવા સમર્થ ॥
માટે સ્તુતિ કરું છું તમારી, કરજ્યો સહુ મળી સહાય મારી ॥૩૩॥
કરી વિનંતિ વારમવાર, હવે કરું કથાનો ઉચ્ચાર ॥
હરિ યશ કહેવા હરખ્યું છે હૈયું, કહ્યા વિના જાતું નથી રૈયું ॥૩૪॥

*ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે કવિએ સ્તુતિ કરી એ નામે બીજું પ્રકરણમ્-૨*



Shree Swaminarayan Gurukul
Kandari

AT. Kandari, Di. Vadodara, Ta. Karjan, Pin. 391210, Ph. (02666) 232334



II Swaminarayan Sanskar Pith II
II SSP INTERNATIONAL SCHOOL II

AT. Navli, Di. Anand, Anand Borsad Road,
Pin. 388355. Phone: (02692) 283645

Shree Swaminarayan Gurukul - Vadodara




Gurukul Circle, Vaghodiya-Dabhoi Ring Road,
Vadodara, Pin-390025. Phone (0265) 2571177



Shree Swaminarayan Temple
Loyadham

AT. Loya, Ta. Sayla,
Di. Surendranagar,
Pin. 363410
Mo. 9925207504 / 07



**Shree Swaminarayan Mandir Loyadham, NJ**

10 West - Somerset St. Raritan,
NJ 08869 , USA.
Phone : 732-377-3486



Shree Swaminarayan Mandir - Loyadham, Macon
222, Mercer Junction. Macon, GA 31210, Cell : 478-954-4931


પરમ પુજય બ્રહ્મનિષ્ઠ
સદ્‌ગુરુ કોઠારી શ્રી નંદકિશોરદાસજી સ્વામી
સ્મૃતિ
મહોત્સવ
તારીખ :-
૧૨ થી ૨૦ નવેમ્બર, ૨૦૧૨
પ.પૂ. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી
॥ પ્રેરક ॥
સ્થળ : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ-કંડારી, ફોન : (૦૨૬૬૬)૨૩૨૩૩૪